1. પ્રથમ વિશ્વયુધ્ધનો અંત કયારે આવ્યો?

➢ જર્મન પ્રજાસત્તાકે 11 નવેમ્બર, 1918ના રોજ મિત્રરાષ્ટ્રની શરણાગતિ સ્વીકારતાં પ્રથમ વિશ્વયુધ્ધનો અંત આવ્યો.

2. પેરિસ શાંતિ પ્રક્રિયાનું પ્રથમ અધિવેશન કયારે મળ્યું ?

➢ પેરિસ શાંતિ પ્રક્રિયાનું પ્રથમ અધિવેશન જાન્યુઆરી, 1919 માં મળ્યું હતું .

3. વર્સેલ્સની સંધિના ઘડતરમાં કોણે મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો?

➢ વર્સેલ્સની સંધિના ઘડતરમાં અમેરિકન પ્રમુખ વુડો વિલ્સન, બ્રિટિશ વડાપ્રધાન લોઈડ જયોર્જ અને ફ્રાન્સના વડા ક્લીમેજ્યુએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

4. રશિયામાં કયાં ગ્રંથે વિશાળ જનસમુદાયમાં નવી આશા અને ઉત્સાહ જગાડયો હતો?

➢ રશિયામાં કાર્લમાર્ક્સના પ્રખ્યાત ગ્રંથ "દાસ કેપિટલે" રશિયાની જનસમુદાયમાં નવી આશા અને ઉત્સાહ જગાડ્યાં હતા.

5. રશિયામાં વસંતક્રાંતિ કયારે થઈ હતી ?

➢ રશિયામાં 8 માર્ચ, 1917ના રોડ વસંતક્રાંતિ થઈ હતી.

6. લેનિને પ્રજાને કયું સૂત્ર આપ્યું હતું ?

➢ લેનિને પ્રજાને "રોટી, જમીન અને શાંતિ" નું સૂત્ર આપ્યું હતું.

7. રશિયનક્રાંતિ પર કયા મહાન વિચારકની અસર જોવા મળે છે?

➢ રશિયન ક્રાંતિ પર મહાન જર્મન વિચાર કાર્ડમાકર્સ ના સમાજવાદી વિચારોની અસર જોવા મળે છે.

8. ઈતિહાસમાં કયાં દિવસને "લોહિયાળ રવિવાર" તરીકે ઓળખવામાં આવે છે?

➢ 22 જાન્યુઆરી, 1905 ને રવિવાર નાં દિવસને ઈતિહાસ માં "લોહિયાળ રવિવાર" તરીકે ઓળખવામાં આવે છે.

9. યુરોપની ઓધોગિક ક્રાંતિએ કઈ બાબતોને જન્મ આપ્યો?

➢ યુરોપની ઓધોગિક ક્રાંતિએ મૂડીવાદ, સંસ્થાનવાદ અને સામ્રાજવાદને જન્મ આપ્યો.

10. જર્મનીને અગ્રસ્થાને લઈ જવા રાજા કૈસર વિલિયમે શું કર્યું?

➢ જર્મનીને અગ્રસ્થાને લઈ જવા રાજી સર વિલિયમ શસ્ત્રોના કારખાનાં સ્થાપી તેનું ઉત્પાદન વધાર્યું, યુધ્ધ માટે સૈનિકો અને નૌકાકાફલો તૈયાર કર્યો.

11. પ્રથમ વિશ્વયુધ્ધમાં ઈટાલી કયાં પક્ષે હતું ?

- પ્રથમ વિશ્વયુધ્ધમાં ઈટાલી શરૂઆતના તબક્કે તટસ્થ હતું પાછળથી તે મિત્ર રાષ્ટ્રોની જીત નિશ્ચિત જણાતા ત મિત્રરાષ્ટ્રોના પક્ષે રહ્યું .

12. પ્રથમ વિશ્વયુધ્ધ માટે કયા દેશને જવાબદાર ઠેરવવામાં આવ્યો?

- પ્રથમ વિશ્વયુધ્ધ માટે જર્મનીને જવાબદાર ઠેરવવામાં આવ્યો.

13. બંને વિશ્વયુધ્ધો માટે કઈકઈ સંધિઓ જવાબદાર હતી ?

- પ્રથમ વિશ્વયુદ્ધ માટે ફેકફર્ટ ની સંધિ અને દ્વિતીય વિશ્વયુધ્ધ માટે વર્સેલ્સની સંધિ જવાબદાર હતી.

14. પ્રથમ વિશ્વયુધ્ધમાં કયાં ભયાનક શસ્ત્રોનો ઉપયોગ થયો હતો?

- પ્રથમ વિશ્વયુદ્ધમાં ટેક્ર, ઝેરીગેસ, બોમ્બ, હાથ બોમ્બ, સબમરીનો, એરોપ્લેનો જેવા ભયાનક શસ્ત્રોનો ઉપયોગ થયો હતો.

15. પ્રથમ વિશ્વયુદ્ધ પછી ભારતીય બુદ્ધિજીવીઓએ કઈ માંગણી શરૂ કરી ?

- પ્રથમ વિશ્વયુદ્ધ પછી ભારતીય બુધ્ધિજીવીઓએ ભારત માટે સુઅવસર ગણીને નિષ્ક્રિયતા છોડી સ્વરાજ માટેની વિવિધ માંગણીઓ શરૂ કરી.

16. ઝાર નિકોલસ બીજાએ કેદીઓને કઈ જગ્યા એ કેદ કરતો હતો ?

- ઝાર નિકોલસ બીજા એ કેદીઓને કેદ કરવા સાઈબેરિયાના અતિ શીતપ્રદેશમાં મોકલતા હતાં.

17. ઔદ્યોગિક ક્રાંતિ સાથે કયાં દૂષણો આવ્યા હતા?

- ઓદ્યોગિક ક્રાંતિ સાથે ગરીબી, બેકારી, શોષણ, વ્યસન, ગંદા વસવાટો, રોગચાળો અને અનીતિ જેવા દૂષણો આવ્યાં હતા.

18. રશિયન સમાજ કયાં બે વર્ગોમાં વહેંચાયેલ હતો?

- રશિયન સમાજ શાસક અને શોષિત, અપિકારી અને કામદાર, માલિક અને મજૂર જેવા બે વર્ગમાં વહેચાયેલો હતો.

19. કયા અપકન્ય ઝાર નિકોલસે પોતાના હજારો વફાદારો અને પ્રજાજનોનો વિશ્વાસ ગુમાવ્યો?

- ઝાર નિકોલસે ફાધર ગેપોનની નેતાગીરી પેઠાના નિઃશસ્ત્ર કામદાર પર ગોળીબાર કરાવ્યો અને એક બીજારથી વધુ કામદારોના મૃત્યુ થતા પ્રજાજનોએ વિશ્વાસ ગુમાવ્યો.

20. પ્રથમ વિશ્વયુદ્ધ બાદ રશિયામાં કઈકઈ સેવાઓનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું?

- પ્રથમ વિશ્વયુધ્ધબાદ રશિયામાં બેંક અગત્યના ઉદ્યોગ, રેલ્વે તથા વિદેશવેપારનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

21. રશિયાના કયા નેતાએ ખુલ્લા પાની નીતિ અપનાવી.

- રશિયાના પ્રમુખ મિખાઈલ ગોર્બોચોવે ખુલ્લાપના ની નીતિ અપનાવી

22. રશિયન ક્રાંતિએ વિશ્વને કઈ બાબતનો અનુભવ કરાવ્યો?

- રશિયન ક્રાંતિએ સંગઠિત ખેડૂતો અને સંગઠિત કામદારો કોઈપણ શાસન પ્રણાલીમાં પરિવર્તન લાવી શકે છે તેવો અનુભવ વિશ્વને કરાવ્યો.

23. ઝાર નિકોલસ કોના પ્રભાવ નીચે કાર્ય કરતા હતાં?

- ઝાર નિકોલસ તેમની રાણી તથા રાસપુટીન માનના તાંત્રીકના પ્રભાવ નીચે કાર્ય કરતાં હતાં.

24. પ્રથમ વિશ્વયુધ્ધમાં અંદાજીત કેટલો ખર્ચ થયો હતો ?

- પ્રથમ વિશ્વયુધ્ધ ને અંતે અંદાજીત 560 કરોડ પાઉન્ડનો ખર્ચ થયો હતો.

25. વર્સેલ્સની સંધિ વિશે લોર્ડ બ્રાઈસે કયું વિધાન કર્યું હતું?

- લોર્ડ બ્રાઈસના મતાનુસાર શાંતિ માત્ર સંતોષથી જ આવી શકે, આ સંધિનોથી અસંતોષ જ ઊભો થશે અને તેનું પરિણામ ક્રાંતિ કે યુદ્ધમાં જ આવશે.

26. રશિયાના ઈતિહાસમાં 22મી જાન્યુઆરી 1905નો દિવસ કયા નામે ઓળખાય છે ?

- રશિયાના ઈતિહાસમાં 22મી જાન્યુઆરી 1905નો દિવસ “લોહિયાળ રવિવાર”ના નામે ઓળખાય છે.